પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૩ | ૧૩ ઓક્ટોબર, ૨૦૨૧, બુધવાર; આસો સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બદલો : સેનાએ પાંચ આતંકીઓ ઠાર કર્યા

**પાંચ આતંકીઓ ઠાર કરીને સેનાએ લીધો જવાનોની શહીદીનો બદલો : ૨૪ કલાકમાં ત્રણ એક્રાઉન્ટર : અગાઉ અનંતનાગ અને બાંદીપોરામાં એક્રાઉન્ટરમાં બે આતંકીઓને ઠાર કર્યા હતા, ઠાર કરાયેલા આતંકવાદીઓ પાસેથી દારુગોળો જપ્ત કરાયો**



શ્રીનગર,તા.૧૨

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ઘટના વધ્યા બાદથી સુરક્ષાદળ સાવધાન થઈ ગયા છે. કાશ્મીરના શોપિયા વિસ્તારોમાં સોમવારે બે એક્રાઉન્ટરની ઘટના બની હતી, જેમા જવાનોએ ત્રણથી ચાર આતંકવાદીઓને ઘેરી લઈ ઠાર માર્યા હતા. એક એક્રાઉન્ટર શોપિયાના તુલરાન વિસ્તારમાં ચાલી રહ્યું હતું જ્યારે બીજા બે અનંતનાગ અને બાંદીપોરામાં પણ લોન્ચ કરવામાં આવ્યા હતા. જ્યાં એક ઘરમાં આતંકવાદીને ઘેરી લેવામાં આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે આ એક્રાઉન્ટર સોમવારે સાંજે શરૂ થયું હતું, જ્યારે શોપિયાંમાં કેટલાક આંતકવાદીઓ હોવાની જાણકારી મળી હતી. પોલીસ અને સુરક્ષા દળના જવાન આ ઓપરેશનને ચલાવી રહ્યા છે. એક્રાઉન્ટરનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જે કેટલાક સમય અગાઉનો છે. વીડિયોમાં જવાનો આતંકવાદીઓને સરેન્ડર કરવા માટે કહી રહ્યા છે. આ ઘરમાં ત્રણ-ચાર આતંકવાદી છૂપાયેલા હોવાની માહિતી મળી હતી. છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ એક્રાઉન્ટર થઈ ચુક્યાં છે. જમ્મુ અને કાશ્મીરના ડીજીપી દિલબાગ સિંહે કહ્યું કે વિશ્વસનીય ઈનપુટના આધારે આજે સાંજે શોપિયાંમાં બે ઓપરેશન શરૂ કરવામાં આવ્યા હતા. શોપિયાંના તુલરાનમાં

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીના લક્ષ્મીનગરમાંથી આતંકવાદીને ઝડપી પડાયો

**આતંકી હથિયારો સાથે ઓળખ છૂપાવીને બેઠો હતો : તહેવારોની સીઝન વચ્ચે આતંકીઓ કંઈક મોટું કરશે તેવી શંકા હતી, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને સફળતા મળી**

નવી દિલ્હી, તા.૧૨

દિલ્હી પોલીસે તહેવારો પહેલા આતંકીઓની ચાલ પર પાણી ફરેવી દીધું છે. દિલ્હી પોલીસે આતંકીઓના મોટા ષડ્યંત્રનો પર્દાફાશ કર્યો છે. જેમાં પોલીસની સ્પેશિયલ સેલે લક્ષ્મીનગરના રમેશ પાર્કમાં પાકિસ્તાની આતંકીની ધરપકડ કરી છે. આ આતંકી નકલી આઈડી સાથે દિલ્હીમાં રહેતો હતો. આતંકીની ધરપકડ સાથે જ તેની પાસેથી એકે-૪૭ રાઈફલ એક એક્સ્ટ્રા મેગઝીન અને ૬૦ રાઉન્ટ ગોળી, એક હેન્ડ ગ્રેનેટ, ૫૦ રાઉન્ટ ગોળી સાથે ૨ અત્યાધુનિક પિસ્તોલ કબજે કર્યા છે.



દિલ્હીમાંથી પકડાયેલા આતંકીની ઓળખ મોહમ્મદ અશરફ અલી તરીકે થઈ છે. તે પાકિસ્તાનના પંજાબ પ્રાંતનો રહેવાસી છે. ખબર એવી પણ છે કે તે નેપાળના રસ્તે ભારતમાં પહોંચ્યો હતો. આ આતંકી દિલ્હીમાં અલી અહમદ નૂરી તરીકે નામ બદલીને રહેતો હતો. કહેવાય છે કે આતંકી અશરફ અલીને આઈએસઆઈએ દિલ્હી સહિત ભારતમાં અન્ય ભાગોમાં હુમલા માટે ટ્રેનિંગ આપી હતી. આતંકી પાસેથી ભારતનો નકલી પાસપોર્ટ પણ મળી આવ્યો છે. મહત્વનું છે કે તહેવારોની સીઝન ચાલી રહી છે આવામાં આતંકી હુમલાના ષડ્યંત્ર રચાઈ રહ્યા છે એવામાં દિલ્હી પોલીસને એક મોટી સફળતા મળી છે. હાલમાં જ ત્રણ દિવસ પહેલા દિલ્હીમાં તહેવારો દરમિયાન આતંકી હુમલાની શંકા વ્યક્ત કરીને દિલ્હી પોલીસે હાઈ એલર્ટ જાહેર કર્યું હતું. દિલ્હી પોલીસને ઈન્ટેલિજન્સ સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે ફેસ્ટિવલ સીઝનમાં આતંકી હુમલા થઈ શકે છે. દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ શનિવારે દિલ્હી પોલીસના ટોપ અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી. આતંકી હુમલાના ઈનપુટ્સ મળ્યા બાદ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. હવે આ આતંકી મોહમ્મદ અશરફ અલીની પૂછપરછ દરમિયાન કેટલાક અન્ય નામો સામે આવવાની સંભાવના છે. આ સિવાય તેણે કોઈ પ્લાનિગ કર્યા હતા કે નહીં તે દિશામાં પણ આકરી પૂછપરછ કરવામાં આવી શકે છે.

# આઠ વિશાળ એસ્ટ્રોઈડ ધરતી તરફ આવી રહ્યા છે

**૧૫ ઓક્ટોબરે પ્રથમ એસ્ટ્રોઇડ આવશે : નાસા પ્રમાણે આ બધા એસ્ટ્રોઇડ અપોલો ક્લાસ છે જેનો મતલબ એ છે કે આ સૂર્યની કક્ષામાં ભ્રમણ કરી રહ્યા છે**

નવી દિલ્હી, તા.૧૨

આવનાર કેટલાક દિવસોમાં ધરતી પર કોઈ સંકટ આવવાનું છે. આગામી કેટલાક દિવસોમાં ઈજિપ્તના પિરામિડ અને પેરિસના એફિલ ટાવરથી પણ મોટા-મોટા ૮ એસ્ટ્રોઈડ ધરતી તરફ આવવાના છે. અમેરિકી એજન્સી નાસાના એટ્રોરોયડ ટ્રેકરમાં આ વાત સામે આવી છે. આ એસ્ટ્રોઈડ ૧૫ ઓક્ટોબરથી ૨૯ નવેમ્બર વચ્ચે ધરતી તરફ વધશે. નાસાએ આ એસ્ટ્રોઈડને સંભવિત રુપથી ખતરનાક વસ્તુ ગણાવ્યા છે. આવું એટલા માટે કારણ કે આ એસ્ટ્રોઈડનો આકાર ૧૪૦ મીટરથી મોટો છે. નાસાના રિપોર્ટ પ્રમાણે આ બધા એસ્ટ્રોઈડ અપોલો ક્લાસ છે જેનો મતલબ એ છે કે આ સૂર્યની કક્ષામાં ભ્રમણ કરી રહ્યા છે અને આ ધરતીના કક્ષને પાર કરી શકે છે. આ એસ્ટ્રોઈડમાં જે સૌથી મોટો છે તેનો આકાર ૩૮૦ મીટર છે. આ ઈજિપ્તની પિરામિડથી પણ મોટો છે. એટલે તેનો આકાર લગભગ ૩૮ માળની ઈમારત જેટલો છે. ૧૫ ઓક્ટોબરે પ્રથમ એસ્ટ્રોઈડ ધરતીને પાર કરશે. જેનું નામ ૨૦૨૧ એસએમ૩ રાખવામાં આવ્યું છે. તેનો આકાર ૭૨થી ૧૬૦ મીટરની વચ્ચે છે. આ આકારમાં ઈજિપ્તના પિરામિડથી પણ મોટો છે. પ્રથમ એસ્ટ્રોઈડ પસાર થયાના ફક્ત પાંચ દિવસ પછી બીજો એસ્ટ્રોઈડ આવશે. આ એસ્ટ્રોઈડનું નામ ૧૯૯૬ વીબી૩ આપવામાં આવ્યું છે. તેનો આકાર પણ ૧૦૦થી ૨૩૦ મીટર વચ્ચે છે. આ એસ્ટ્રોઈડ ધરતીની સાવ નજીકથી

● અનુસંધાન પાન-૭ પર

# ડોમેસ્ટિક ફ્લાઈટ્સમાં ૧૦૦ ટકા ક્ષમતા સાથે ઉડાનની મંજૂરી

**પ્રતિબંધ હટવાથી ડોમેસ્ટિક એરફેર સસ્તો થાય એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે, ડોમેસ્ટિક ફ્લાઇટ્સમાં પેસેન્જર્સ સિટિંગ કેપિસિટી ૮૫ ટકા છે**

નવી દિલ્હી, તા.૧૨

વૈશ્વિક કોરોના મહામારીને લીધે પ્રતિબંધો હેઠળ સંચાલિત થઈ રહેલી ડોમેસ્ટિક ફ્લાઈટ્સ હવે ૧૦૦ ટકા કેપિસિટી સાથે ઉડાન ભરી શકશે. મોદી સરકારે ડોમેસ્ટિક ફ્લાઈટ્સ પર પેસેન્જર્સ કેપિસિટીને લઈને તમામ પ્રતિબંધો હટાવી લીધા છે. જે હેઠળ ૧૮ ઓક્ટોબરથી ડોમેસ્ટિક ફ્લાઈટ્સ ૧૦૦ ટકા પેસેન્જર કેપિસિટી સાથે ઉડી શકશે. વર્તમાન સમયમાં ડોમેસ્ટિક ફ્લાઈટમાં માત્ર ૮૫ ટકા પેસેન્જર્સને બેસવાની મંજૂરી છે. કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને સોશિયલ ડિસ્ટેન્સિંગ જાળવી રાખવા માટે સરકારે



પ્રતિબંધ લાદ્યા હતા. સરકારના પ્રતિબંધ હટાવી લેવાના નિર્ણયથી પેસેન્જર્સને પણ મોટી રાહત મળી શકશે. આ નિર્ણયની સીધી અસર ફ્લાઈટ ટિકિટ રેટ પર જોવા મળશે. હાલમાં પ્લેનમાં માત્ર ૮૫ ટકા સિટિંગ કેપિસિટી રાખવાની હોવાથી ટિકિટોના ભાવ પણ વધારે વસૂલવામાં આવી રહ્યા છે. પરંતુ હવે ૧૦૦ ટકા સિટિંગ કેપિસિટીની મંજૂરી પછી એરફેરમાં ઘટાડો થવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક કોરોના મહામારીને લીધે આખી દુનિયાભરના દેશો લોકડાઉન જેવા પ્રતિબંધો લાગૂ કરવા માટે મજબૂર હતા. લોકડાઉન અને કોરોના સંક્રમણ સામે અન્ય પ્રતિબંધોને લીધે મોટાભાગના દેશોનું અર્થતંત્ર પણ ગંભીર રીતે પ્રભાવિત થયું છે. આ દરમિયાન અન્ય ક્ષેત્રોની જેમ એવિએશન સેક્ટર પણ ભારે નુકસાન વેઠી ચૂક્યું છે.

# અમિત ખરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નવા સલાહકાર

**સરકારી આદેશમાં નિમણૂંકની જાણકારી અપાઈ : ૧૯૮૫ બેચના આઈએએસ અધિકારી અમિત ખરે ૩૦ સપ્ટેમ્બરે ઉચ્ચ શિક્ષણ સચિવ પદેથી નિવૃત થયા હતા**

નવી દિલ્હી, તા.૧૨

માનવ સંસાધન અને સૂચના પ્રસારણ મંત્રાલયમાં



સચિવ તરીકે પોતાની સેવા આપી ચુકેલા અમિત ખરેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સલાહકાર બનાવવામાં આવ્યા છે. ૧૯૮૫ બેચના આઈએએસ અધિકારી અમિત ખરે ૩૦ સપ્ટેમ્બરે ઉચ્ચ શિક્ષણ સચિવ પદેથી નિવૃત થયા હતા. એક સરકારી આદેશમાં તેમની નિમણૂંકની જાણકારી આપવામાં આવી છે. સરકાર તરફથી આપવામાં આવેલી જાણકારી પ્રમાણે કેબિનેટની નિમણૂક સમિતિએ અમિત ખરેને પીએમ મોદીના સલાહકાર બનાવવાની મંજૂરી આપી છે. તેઓ પીએમઓમાં સલાહકાર તરીકે કામ કરશે. તેમનો રેંક અને સ્કેલ ભારત સરકારના કોઈ અન્ય સચિવ બરાબર હશે. તેમની આ નોકરી કોન્ટ્રાક્ટના આધાર પર હશે.

આ સિવાય પુનઃનિમણૂંકને લઈને સરકારના તમામ નિયમ તેમના પર લાગૂ થશે. હાલ તેમની બે વર્ષ કે પછી આગામી આદેશ સુધી નિમણૂંક કરવામાં આવી છે. બાદમાં તેને વધારવામાં આવી શકે છે. અમિત ખરેને પીએમ મોદીના નજીકના અમલદારશાહોમાં સામેલ કરવામાં આવે છે. દેશમાં આ વર્ષે લાગૂ થયેલી નવી એજ્યુકેશન પોલિસીનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં તેમની મહત્વની ભૂમિકા રહી હતી. આ સિવાય ડિજિટલ મીડિયાને લઈને નિયમ નક્કી કરવામાં પણ તેમણે મહત્વનું યોગદાન આપ્યું હતું.

## મેન્ટોર માટે ધોની કોઈ વેતન લેવાનો નથી : જય શાહ

નવી દિલ્હી, તા.૧૨

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીની ૧૭ ઓક્ટોબરથી શરૂ થનાર ટી૨૦ વિશ્વકપ માટે ભારતીય ટીમના મેન્ટોર તરીકે નિમણૂક કરવામાં આવી છે.` જ્યારે આ વાતની જાહેરાત થઈ હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ જય શાહે મંગળવારે તેનો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, ધોની કોઈ વેતન લેવાનો નથી. જય શાહે કહ્યુ એમએસ ધોની ટી૨૦ વિશ્વકપ માટે ભારતીય ટીમના મેન્ટરના રૂપમાં પોતાની સેવાઓ માટે કોઈ વેતન લેવાનો નથી.'

**ફ્લેટ વેચવાનો છે**

સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે.

૩૨ લાખ ફીક્સ

શૈલેષભાઈ મહેતા

મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

**ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૬માં**

**ભવ્ય વિજય બદલ અભિનંદન**







ભાવનાબા વિક્રમસિંહ ગોલ | ગૌરાંગભાઈ વ્યાસ | પ્રેમલતાબેન મહેરિયા



**શુભેચ્છક**

- વિક્રમસિંહ સરદારસિંહ ગોલ - પ્રમુખશ્રી, શ્રી ગાંધીનગર રાજપૂત સમાજ
- અમરસિંહ સરદારસિંહ ગોલ - પીઢ અગ્રણી, વાવોલ
- રતનસિંહ સરદારસિંહ ગોલ - વાવોલ
- વિજયસિંહ સરદારસિંહ ગોલ - વાવોલ
- હિતેન્દ્રસિંહ સરદારસિંહ ગોલ - વાવોલ
- ઘનશ્યામસિંહ રતનસિંહ ગોલ - સામાજિક કાર્યકર
- જયદિપસિંહ વિક્રમસિંહ ગોલ - સામાજિક કાર્યકર
- રાજદિપસિંહ વિક્રમસિંહ ગોલ - સામાજિક કાર્યકર
- રાકેશ મણીભાઈ પટેલ - પૂર્વ ચેરમેનશ્રી સ્ટેન્ડીંગ કમિટી, ગાંધીનગર મહાનગરપાલિકા
- યુસુફભાઈ જી. શેખ - પ્રમુખશ્રી, લઘુમતી મોરચો, ભાજપ ગાંધીનગર મહાનગર
- સુરેશભાઈ હરિભાઈ પટેલ - પ્રમુખશ્રી, વોર્ડ નં. ૬, ભાજપ ગાંધીનગર મહાનગર
- જગદીશભાઈ સોલંકી - મહામંત્રી, વોર્ડ નં. ૬ ભાજપ
- જગદીશભાઈ પરમાર - મહામંત્રી, વોર્ડ નં. ૬ ભાજપ
- વિનોદભાઈ ઉદેચા - સંયોજક, સાંસ્કૃતિક સેલ, ભાજપ
- ભરતભાઈ પટેલ - સે.૧૩/બી સંયોજક, વેપારી સેલ, ભાજપ
- રાજારામ સાધુ - ગોકુલપુરા
- નિલેષભાઈ મહેરિયા - સે.૧૩/એ,
- ડાહ્યાભાઈ પરમાર - પ્રમુખશ્રી, રોહિત સમાજ
- ભવાનજી ઠાકોર - કુબેરનગર
- પ્રવિણભાઈ પરમાર - કુબેરનગર
- શરીફ ઉમરશા દિવાન - કુબેરનગર